ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૨-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### પાવર ત્યાં પવાર

કેન્દ્રીય કૃષિમંત્રી શરદ પવારે આખરે મોદી સાથે મુલાકાત કરી હોવાનું કબૂલી લીધું છે. એક રાષ્ટ્રીય અખબારે પહેલીવાર આ મિલન ગોઠડીના સમાચાર ચમકાવ્યા ત્યારે પવારે અને એમની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રવકતાએ આ ન્યૂઝ આઈટમને મનઘડંત ન્યૂઝ સ્ટોરી રહી ઉતારી પાડેલી. પરંતુ ધુમાડો દેખાય ત્યારે સમજવું કે કયાંક કશુંક બળે છે. મિડિયા પાછળ પડી જઈને પવારને ખોટા પાડે એ પહેલાં પવારે જ મોદીને દિલ્હી ખાતે નહીં પરંતુ અમદાવાદમાં મળ્યા હોવાનો ખુલાસો કરીને મિડિયાને ખોટું ઠેરવવાનો પ્રયાસ કર્યો છે. મોદી સાથે મુલાકાત થયેલી, કબૂલ; પણ મિડિયાવાળી લખે છે એમ દિલ્હીમાં નહીં, ગુજરાતમાં. એમણે પોતાની મુલાકાત યોગ્ય હોવાનું ઠેરવતાં કહ્યુ 'કે હું રહ્યો દેશનો કૃષિ મંત્રી. મારે દેશનાં દરેક રાજયની મુલાકાત લેવી પડે. જે રાજયમાં જવાનું થાય તેના મુખ્યમંત્રીને રૂબરૂ મળી એ રાજયના કૃષિ વિકાસની ચર્ચા કરું છું, એમને મદદરૂપ થવા પ્રયત્ન કરું છું. મારી ફરજના ભાગરૂપે આવી મુલાકાત કરવી જ પડે. હું કાંઈ એકલા મોદીને નવીન પટનાયકને મળ્યો હોઉં, બંગાળ જઉં ત્યારે મમતા બેનરજીને મળું અને બિહાર જઉં ત્યારે નીતિશ કુમારને મળું. બીજા મુખ્યમંત્રીઓને મળું ત્યારે તો કોઈ ઊહાપોહ નથી કરતું. મોદી શું અસ્પૃશ્ય છે? બીજા કેટલાક કદાચ એમને રાજકીય દૃષ્ટિએ અસ્પૃશ્ય માનતા હશે, હું એમને એવી નજરે જોતો નથી. હું ચૂંટાયેલા મુખ્યમંત્રીને મળ્યો છું, કોઈ પાકિસ્તાન કે ચીનના નેતાને નથી મળ્યો. એથી આગળ વધીને એમણે મોદીને પોતે ગુનેગાર નહીં માનતા હોવાની વાત પણ હિંમતપૂર્વક કહી જ દીધી. આ જ વાત અગાઉ એમના સેકંડ લેફ્ટેનન્ટ ગણાતા મૂળ ગુજરાતી એવા કેન્દ્રીય મંત્રી પ્રફુલ્લ પટેલે પણ કરી હતી અને પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતાએ પણ મોદી ત્રણ ત્રણ વાર ચૂંટાયા હોવાથી રાહુલ કરતાં મૂઠી ઊંચેરા અનુભવી નેતા હોવાનો એકરાર કર્યો હતો. રાષ્ટ્રવાદી કોંગ્રેસ દ્વારા ચલાવાયેલું આ નિવેદન- અભિયાન કોંગ્રેસને પડકારવાના ભાગરૂપે ચલાવાઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં બેઉ પક્ષોની સહિયારી સરકાર ચાલે છે તેથી હાલ તુરત પવાર એનડીએમાં જોડાઈ જવાની ઉતાવળમાં નથી. આગામી ચૂંટણીમાં તેઓ કોંગ્રેસ સાથે જ ગઠબંધન રચીને શકય એટલી વધારે બેઠકો પર પોતાના ઉમેદવારો મૂકવા માગે છે. એનડીએમાં ભાજપના સૌથી જૂના અને વિશ્વસનીય સાથી શિવસેનાના નેતાઓને પવારની એલર્જી છે. ચૂંટણી પૂર્વ પવાર સાથે ગઠબંધન રચાય તો શિવસેના ભાજપ સાથે છેડો ફાડી મહારાષ્ટ્રમાં સ્વતંત્ર રીતે ચૂંટણી લડી લેવાના મૂડમાં છે. નરેન્દ્ર મોદી અને શરદ પવાર બેઉ આ બાબત બરાબર સમજે છે. પવાર એનડીએ સાથે જોડાવા આતુર હોવાનું નિવેદન કરનારા ભાજપના નેતા ગોપીનાથ મુંડે પણ આ ગણિત સમજતા જ હોય. તેથી પવાર અત્યારે તો કોંગ્રેસની સાથે જ હોવાનો દેખાવ ચાલુ રાખશે, એની સાથે જ મહારાષ્ટ્રની લોકસભાની ચૂંટણી પણ લડશે પરંતુ લોકસભાની ચૂંટણીનાં પરિણામો પછી પવાર ફકત અને ફકત 'પાવર'ની સાથે હશે એમાં મીનમેખ નહીં! જો પોતાની દસેક બેઠકો ઉમેરવાથી મોદીનું બસો બોત્તેરનું ગણિત બેસી જતું હશે તો તેઓ એક ક્ષણની પણ રાહ જોયા વિના એનડીએ સરકારમાં જોડાઈ જશે અને એ રીતે પોતાનું, પોતાના વફાદાર સાથી પ્રફુલ્લ પટેલનું અને એકની એક પુત્રી સુપ્રિયા સુળેનું ભવિષ્ય આગામી પાંચ વર્ષ પૂરતું સુરક્ષિત કરી દેશે. તે વખતે શિવસેના પણ એમના એનડીએ પ્રવેશ સામે વાંધો નહીં લઈ શકે, કારણ કે ૨૭૨ના જાદુઈ આંકડાને આંબવા માટે એમનો સહયોગ અનિવાર્ય બની જશે! પવારે માત્ર એનડીએ સાથે નહીં, ત્રીજા મોરચા સાથે જોડાવાનો વિકલ્પ પણ ખુલ્લો જ રાખ્યો હોય. જ્યાં પાવર ત્યાં પવાર!

# ગાંધીનગરના યુવાનો દ્વારા સર્જિત 'એક નવી શરુ...વાત' નાટકને સુંદર પ્રતિસાદ

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓનો સંવેદનશીલ પ્રયાસ વીણાવેલી નાટ્ય સ્પર્ધામાં 3 કેટેગરીમાં ૪ એવોર્ડ જીત્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના નવયુવાનો દ્વારા અભિનીત અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો-રીચર્સ ઈન્સ્ટીટ્યુટ દ્વારા નિર્મિત નાટક 'એક નવી શરુ....આત'ને શહેરમાં સુંદર પ્રતિસાદ મળ્યો છે. રાજ્યકક્ષાએ આયોજિત વીણાવેલી નાટ્ય સ્પર્ધામાં ૪ ઈનામો મેળવી ચુક્યુ છે તેમજ આઈએનટીમાં ફાઈનલ્સ સુધી પહોંચી શક્યું છે.



ગાંધીનગર શહેર માટે ગૌરવ લેવા જેવી બાબત આ નાટક સાથે જોડાયેલી છે. કેમ કે આ નાટકનું નિર્માણ કરનારી સમગ્ર યુવા ટીમના સભ્યો ગાંધીનગરના છે તેમજ તમામ યુવાનો ૨૪ વર્ષથી ઓછી વયના છે. નાટકના લેખક અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસીના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ ગાંધીનગર સમાચારમાં છેલ્લા ૪ વર્ષથી 'ધ કોફી હાઉસ'નામની કોલમ લખતા કોલમિસ્ટ ઉત્સવ પરમાર છે તેમજ નાટકનું દિગ્દર્શન ડેવલપમેન્ટ કમ્યુનિકેશનના વિદ્યાર્થી અને કુશળ અભિનેતા પ્રતિભાશાળી મૌલિકરાજ શ્રીમાળીએ કર્યું છે. આ નાટકમાં દરિયા કિનારાની અનુભૂતિ આપતા આબેહૂબ સેટની ડીઝાઈન શહેરના ક્રિએટીવ ડીઝાઈનર પ્રફુલ પંચાલે કરી છે. આ નાટકમાં પ્રોડકશનમાં ચિરાગ પારેખ અને કેયુર બ્રહ્મભટ્ટે નોંધપાત્ર ફાળો આપેલ છે.

એક નવી શરુ...આત નાટકને વીણાવેલી નાટ્ય સ્પર્ધામાં દ્વિતીય ક્રમે બેસ્ટ પ્લે, બેસ્ટ પ્રોડક્શન ઉપરાંત નાટકના બંને પાત્રોને શ્રેષ્ઠ અભિનેતા સહિત ૩ કેટેગરીમાં કુલ ૪ ઈનામો મળ્યા છે. આ ઉપરાંત ગુજરાત સમાચાર દ્વારા આયોજિત આઈ.એન.ટી. એકાંકી નાટ્ય સ્પર્ધાની ફાઈનલ્સ સુધી પહોંચ્યું હતું. આ નાટક આરંગમ નાટ્ય મહોત્સવ ખાતે પણ ભજવાઈ ચુકયુ છે. તેમજ એક્સપરીમેન્ટલ થીએટરના ચાહકો દ્વારા વખણાયું હતુ.

નાટકની વાર્તા એક સાવ અવાવરુ દરિયાકિનારે રાત્રીના અગિયાર વાગ્યે મળેલા બે અજાણ્યા શખ્સોની વાતચીતથી શરૂ થાય છે અને ત્યારબાદ એક પછી એક રોચક ઘટનાઓ નાટકને અનોખો આકાર આપે છે. આ નાટકમાં જમીન અને ખેડૂતોની વાત બહુખૂબીથી આવરી લેવાઈ છે.

ફક્ત બે જ પાત્રો ધરાવતા આ નાટકમાં દ્રોણ મોદી અને નિસર્ગ પુરોહિતે પ્રસંશનીય અભિનય કરેલ છે. ટેકનીકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સંવેદનશીલ પ્રયાસને પ્રેક્ષકોની સરાહના મળી રહી છે. નાટકના નિર્માણમાં અરિહંત સેવા સમિતિ તથા એમ-ક્યોરની આર્થિક સહાય મળી હતી.

આ નાટકના આગામી શૉ અમદાવાદ ખાતે યોજવાના છે જેની નાટકના ફેસબુક પેજ પર અપડેટ્સ દ્વારા જાણ કરવામાં આવશે. આ નાટક નાટ્ય કર્મીઓ અને વિવેચકો દ્વારા વખાણવામાં આવી રહ્યું છે તે ગાંધીનગર માટે ગર્વનો વિષય છે.

## હરિની દૃષ્ટિ...



ઘરખર્ચનાં પૈસા ક્યાં ગયા તે પુછોછો તો, લો, આટલા લોકોને ચાંદલો કરવામાં બધો ઘરખર્ચ વપરાઈ ગયો...!!!

## ગુજરાત યુનિવર્સિટમાં પ્રથમ સ્થાન મેળવી બે સુવર્ણ ચંન્દ્રક મેળવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલી એમ.એ.ની પરીક્ષામાં એચ.કે. આર્ટસ કોલેજ ખાતે મુલાકાતી અધ્યાપક તરીકે ફરજ બજાવતા કુ. ઉષ્મા પંડ્યાએ અંગ્રેજી વિષયમાં ૧૬૮૦માંથી ૧૨૨૦ ગુણ મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

સિદ્ધિ બદલ કુ. ઉષ્માને રાજ્યપાલ શ્રીમતી કમલાબેનીવાલના વરદહસ્તે બે સુવર્ણ ચંન્દ્રક એનાયત કરવામાં આવ્યા હતા. કુ. ઉષ્મા ટેકવાનડૉમાં પણ બ્લેક બેલ્ટની સિદ્ધિ મેળવી છે. અને શાસ્ત્રીય સંગીત અને ભરતનાટ્યમનો અભ્યાસ ધરાવે છે. તેઓ પિલવાઈ કોલેજ ખાતે ફરજ



બજાવતા ડૉ. મુકેશ પંડ્યા અને રાષ્ટ્રભાષા કોલેજમાં ફરજ બજાવતા પ્રા. લતા પંડ્યાના સુપુત્રી છે.

## ગાંધીનગરની શાળાઓના વિદ્યાર્થીઓ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની જુદી જુદી શાળાઓના પચાસ જેટલા વિદ્યાર્થીઓ તાજેતરમાં કલોલ સ્થિત વર્મી કમ્પોસ્ટ તેમજ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાતે ગયા હતા. અહીં જાણકારી મેળવી હતી. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના મેનેજીંગ ડિરેક્ટર ડૉ. અનીલ પટેલની દોરવણી તેમજ જીપીસીબી, ગાંધીનગરના પ્રાદેશિક અધિકારી શ્રી સીયુ. શાહના એચ.એસ. પટેલ, શ્રી અવધેશ તેમજ અનીલકુમારે વર્મી કમ્પોસ્ટ, સ્યૂએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટસની ટેકનીકલ વિગતો સમજાવી હતી. આ કાર્યક્રમનું સંકલન નરેશ ઠાકર, પૂર્વ પીઆરઓ-જીપીસીએ એનસીએસસીના શ્રી



તેઓએ ડોમેસ્ટિક કચરામાંથી ખાતર બનાવવાની પદ્ધતિ તેમજ ગંદા પાણીના શુદ્ધિકરણની પ્રક્રિયાનો અભ્યાસ કરી તેના ઉપયોગો અંગેની માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસ-પ્રવાસ દરમિયાન ઈફકોના ડીજીએમ શ્રી શીવાંગભાઈ તેમજ આર.ઓ. જીપીસીબીના મદદનીશ પર્યાવરણ ઈજનેર શ્રી મનીષ પટેલ તેમજ શ્રી ઉન્નત શાહના સહયોગથી કર્યુ હતું.

## વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

સરકારી આદર્શ કન્યાશાળા આદીજાતિ અને નાણાવટી પ્રાથમિક શાળા, સેક્ટર-૬ ખાતે આજરોજ સોમવારે વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શહેરમાં વ્યસનમુક્તિ અભિયાન હાથ ધરી વ્યસનના દૂષણને ડામવા માટે જેમણે હથિયાર ઉપાડ્યા છે તેવા ગુલાબચંદ પટેલ દ્વારા શહેરની આદર્શ કન્યા શાળા અને નાણાવટી પ્રાથમિક શાળા સે. ૬ ખાતે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બન્ને શાળાના વિદ્યાર્થીઓને વ્યસનથી થતી ગંભીર બિમારીઓ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. તેમજ વ્યસનના કારણે વ્યક્તિને શારીરિક અને આર્થિક એમ બન્ને રીતે નુકશાન થાય છે. તેની ફોટા દર્શાવી માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે વ્યસન કરતા વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## સંગીત નાટક અકાદમી દ્વારા મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા તા. ૧૪મી ફેબ્રુઆરીએ સે. ૧૭માં આવેલ ટાઉનહોલમાં મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ શાસ્ત્રીય સંગીત મહોત્સવમાં રજુ થનાર શાસ્ત્રીય ગાયનની સ્વરાવલીઓ સાંભળવા માટે સંગીત રસિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેમજ તે અંગેના આમંત્રણ કાર્ડ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની ઓફિસ ડૉ. જીવરાજ મહેતા ભવનમાં બ્લોક નં. ૯ના પહેલા માળેથી મેળવી શકાશે. આ શાસ્ત્રીય સંગીત મહોત્સવમાં વિના મૂલ્યે તથા આમંત્રણ કાર્ડ વગર પણ પ્રવેશ મળી શકશે.

## હિન્દી નવલેખન શિબિરમાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૧૦

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા તિરુવંતમપુરમ ખાતે હિન્દી ભાષી હિન્દી નવલેખક શિબિર યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના જાણીતા ગુજરાતી-હિન્દી લેખક ગુલાબચંદ પટેલે ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો.



ગાંધીનગર ખાતે રહેતા અને વ્યસનમુક્તિનું અભિયાન હાથ ધરનાર જાણીતા લેખક ગુલાબચંદ પટેલે તિરુવંતમપુરમ શાંતિગીરી આશ્રમ ખાતે યોજાયેલ નવલેખન શિબિરમાં ભાગ લીધો હતો. શિબિરમાં મોટી સંખ્યામાં નવલેખકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુલાબચંદ પટેલે પોતાની હિન્દી કાવ્યોની રજુઆત કરી હતી. તેમના કાવ્યોએ ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શિબિરમાં ભાગ લઈ પટેલે ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

## રાષ્ટ્રભાષા કોલેજમાં એક દિવસીય વિશિષ્ટ પરિસંવાદ યોજવામાં આવ્યો

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ છેલ્લા ત્રણ વર્ષથી કોલેજ કેમ્પસમાં એક દિવસીય વિશિષ્ટ પરિસંવાદ યોજતી આવી છે. જેની પરંપરા મુજબ ગઈ તા. ૮ના રોજ ડૉ. ટી.જે. પુરાણીના અધ્યક્ષ સ્થાને એક દિવસીય વિશિષ્ટ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. કોલેજે સતત ચોથા વર્ષે પરિસંવાદનું આયોજન કર્યું છે. પરિસંવાદમાં રાજેશભાઈ પટેલે લુપ્ત થતી ભારતીય સંસ્કૃતિનું મહત્વ દર્શાવ્યું હતું અને તેમણે યાત્રિકતાથી બચવા માટે ભાષણોનો ભરપુર ઉપયોગ કરવાથી યાંત્રિકોથી બચી શકાશે.

પરિસંવાદમાં મહેમાન પુરાણી સાહેબે આજના પરિક્ષા કેન્દ્રી સાહિત્ય સામે પુસ્તકોનો મહિમા સમજાવ્યો હતો અને સાચા માનવ બનવા માટેના ત્રણ અભિજ્ઞ અંગો એટીટયુડ-વલણ, એપ્ટીટ્યુડ-અભિરુચી અને એલ્ટીટયુડ-ઉંચાઈ તે વિષય પર મુખ્યત્વે ભાર મૂક્યો હતો.આપણી પાસે શું છે તેના કરતા આપણે શું છીએ તે મહત્વનું છે.

પરિસંવાદમાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. ભગીરથ વાઘેલાએ ગાંધી વિચાર અને સાહિત્ય, કોકીલા દગડુએ ગુનાહિત વર્તન-મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણ તેમજ ઉમા યાદવ અને રાની રજોરીયાએ ઈમ્પોર્ટન્સ ઓફ ટીચીંગ એન્ડ લર્નિંગ ઈંગ્લિશ વિષય પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. વિનયન અને વાણિજય કોલેજના અધ્યાપકોએ પરિસંવાદને અનુરૂપ વિચારો રજુ કર્યા હતા. ડૉ. પ્રશાંત જોષીએ ફોરેન્સિક એકાઉન્ટની સમજ, પ્રા. લતા પંડયાએ ધક્કો વાર્તા સંગ્રહ પર, પ્રા. શોભના ચૌહાણે ગુજરાતમાં સ્ત્રી શિક્ષણ અને પ્રા. સ્મિતા જોષીએ સજાતીય સંબંધો એક વિવાદ જેવા વિષય પર સમજણ આપી હતી.

## ચિત્રકલા પ્રદર્શન યોજાયું

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં પાલનપુરની સંસ્કૃત આર્ટ ફાઉન્ડેશન દ્વારા ચિત્રકલા પ્રદર્શન યોજાયું હતું. પ્રદર્શનમાં શાળાના વિદ્યાર્થીઓએ ગોલ્ડ અને સિલ્વડ મેડલ મેળવ્યા હતા. શહેરની જાણીતી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં પાલનપુરની સંસ્કૃત આર્ટ ફાઉન્ડેશન દ્વારા ચિત્રકલા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં શાળાના વિવિધ વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં બાલ કલા ગુજરાતી એવોર્ડ અર્થ પટેલે અને ભૂમિકા સોનીએ ગોલ્ડ મેડલ, કલા ચંદ્રક એવોર્ડ, લતા દુલેરા, દિવ્ય કોટક અને કાર્તિક પાર્ગીએ સિલ્વર મેડલ, બાલકલા રત્ન એવોર્ડ, શિક્ષિકા દમયંતી ગોસ્વામી અને બેસ્ટ આર્ટ ટીચર તરીકે દમયંતી ગોસ્વામી અને વિજયા મોહિતે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

# સર્વોપરી ભારત: 'સ્વ' પહેલાં 'સ્વદેશ'

## ચિંતન સભા

- હર્ષદ પ્ર. શાહ

એક સરસ કાવ્યપંક્તિથી શરૂ કરીએ...

રાષ્ટ્ર કે લિયે જિયેં રાષ્ટ્ર કે લિયે મરે
સાધના કે બન પ્રદીપ અંધકારકો હરે

અહીં પળ-પળ રાષ્ટ્ર માટે જીવવા-મરવાની વાત છે.

દીવો બનીને દેશને અજવાળવાની વાત છે.

રાષ્ટ્ર છે તો આપણે છીએ.

અંગ્રેજીમાં એક સરસ કથન છે-

સ્વદેશ સાથે આપણું સમગ્ર અસ્તિત્વ જોડાયેલું છે...

જેમ બિંદુનો સિંધુ સાથેનો છે, તેમ આપણો રાષ્ટ્ર સાથેનો સંબંધ છે-

બિંદુમાં ગુણ મહાસિન્ધુનો
વ્યક્તિ-વ્યક્તિમાં પરમેશ્વરનો...

'સ્વદેશ' વિના 'સ્વ'નું અસ્તિત્વ જ શકય નથી. માટે સ્વદેશ હિત માટે... સ્વરાષ્ટ્ર-રક્ષા માટે આપણી જાતને ઓગાળી દેવી પડે તો ભલે... પણ, અમે સ્વદેશ-હિતની વાત જ આઅમારે હૈયે ધારણ કરીશું આ રીતે-

જગા રહી તુમ્હે અતીત કી કહાનિયાં
સ્વતંત્ર દેશ-દીપ પર મિટી નિશાનિયાં
પંજાબ, કાશ્મીર, બંગ-ભૂ જગા રહી
જગા રહી સુહાગ સે લૂટી જવાનિયાં
સ્વદેશ-હિત શિવા-પ્રતાપ સા વિરાગ લે
વ્રતી મહાન દેશ કે ઉઠો ઉઠો ઉઠો...

આમ તો 'સ્વ' અને 'સ્વદેશ' અભિન્નપણે જોડાયેલા છે. એનો અર્થ એ છે કે આપણે 'સ્વ'નો પૂર્ણપણે વિકાસ કરવો અને પછી એને સ્વેદશના હિતમાં ઉપયોગમાં લેવો. આપણા પૂર્ણ વિકસિત વ્યક્તિત્વનું વિલીનીકરણ સ્વદેશના હિતમાં થાય એમાં જઆપણા જીવનનું સાર્થક્ય!

બીજા શબ્દોમાં કહીએ તો આત્મ ગૌરવ અને રાષ્ટ્ર ગૌરવના સમન્વય અને સામંજસ્યમાંથી જ સધાશે રાષ્ટ્રનું પુનનિર્માણ.

સ્વદેશ માટે સમર્પિત થઈ જનારા અને સ્વની લેશમાત્ર ચિંતા ન કરનારાં સેંકડો-ગજારો ઉદાહરણો આપણા દેશમાં છે.

- મહાત્મા ગાંધીજી પોતાના અંગ પર માત્ર એક વસ્ત્ર જીવનભર ધારણ કરીને અંગ્રેજ શાસન સામે ઝઝૂમ્યા અને આઝાદીના વાહક બન્યા.

- વીર સાવરકર આંદામાનની સેલ્યુલર જેલમાં બબ્બે જન્મટીપની સજા ભોગવતાં... કાળી યાતનાઓ સહન કરતાં કરતાં પણ 'સ્વતંત્રતા-દેવી'ની ઉપાસના કરતા રહ્યા.

- ચંદ્રશેખર આઝાદે દેશની આઝાદી માટે પોતાની યુવાની કુરબાન કરી દીધી.

- સરદાર ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, ખુદીરામ બોઝ, રામપ્રસાદ બિસ્મિલ, પ્રફુલ્લ ચાકી, ચાફેકર બંધુઓ, વાસુદેવ બલવંત ફડકે... અરે, કેટલાં નામ બોલું? ઈતિહાસના મહાગ્રંથોનાં અગણિત પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે અંકિત એવાં આ નામો છે જે શહીદીના અલંકારથી શોભી રહ્યાં છે. એમણે જીવનનું ભૌતિક સુખ ન માણ્યું. જીવનનાં પ્રલોભનો કે રંગરાગ એમને સ્પર્શી ન શકયાં.

- સુભાષચંદ્ર બોઝ જેવા મહાન નેતાએ પરદેશીઓની નોકરી.. ગુલામી ન સ્વીકારી અને 'આઝાદી હિંદ ફોજ'ની રચના કરીને બ્રિટિશ સલ્તનતનાં હાજાં ગગડાવી નાંખ્યા.

- અરે! આ મોટાં મોટાં નરવીરોનાં નામો સામે કેટલાક વીર બાળકોની શહીદી પણ યાદ કરવા જેવી છે.

-આજથી ૩૫૦-૪૦૦ વર્ષ પહેલાં અમૃતસરના ચોકમાં એક ૭ વર્ષનો બાળક વીર હકીકતરાય સ્વધર્મ-રક્ષા માટે વસંત પંચમીના દિવસે શહીદ થઈ ગયો.

-ગુરુ ગોવિંદસિંહના સિંહશાવકો... ચાર ચાર વીર પુત્રો અજિતસિંહ, ઝુઝારસિંહ, ફતેહસિંહ અને જોરાવરસિંહ સ્વધર્મ અને સ્વદેશ કાજે માતૃભૂમિને સમર્પિત થઈ ગયા.

-ઝાંસીની રાણી બાવીસ વર્ષની ભરયુવાનીએ હાથમાં તલવાર અને હૃદયમાં સ્વદેશભક્તિ ધારણ કરીને અમર બની ગઈ.

-રાણી દુર્ગાવતી અને રાણી ચેન્નમા જેવી વીરાંગનાઓએ મહિષાસુર-મર્દિની દુર્ગા જેવું રૂપ ધારણ કરીને દુશ્મનોને મહાત કર્યા.

અદ્દ્ભુત છે ઈતિહાસ આપણો.
અહીં ધીર,વીર, સંતો ને સિદ્ધો થયા.
શૌર્ય, સાહસ અને પરાક્રમ- એવા શબ્દોમાં અર્થ ભરનારા હજારો નર-નારી રત્નો થયાં.

સ્વામી વિવેકાનંદ જેવા માત્ર ૩૯ વર્ષના આયખામાં હજારો વર્ષોનું કામ કરી સ્વદેશ માટે જીવી જનારા વિશ્વમાનવો થયા. રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ અને સમર્થ રામદાસ જેવા પથદર્શકો પાક્યા.

સાચે જ, આપણો દેશ મહાન છે, વિશ્વગુરુ છે..
'ભા' મેં રત 'ભારત' કહતે હૈ
તેજોમય છે દેશ આપણો.

એનાં તેજકિરણોથી સમગ્ર વિશ્વ દેદીપ્યમાન છે. સ્વદેશ માટે જીવવું અને મરવું બંને લહાવો છે. એક સમય હતો ત્યારે, જયારે દેશ માટે મરી ફીટવાની જરૂર હતી..

આજે પળપળ દેશ માટે જીવી જવાની જરૂર છે.

ચાલો; સ્વદેશ માટે પળેપળ જીવીએ, સ્વદેશપ્રેમનાં પ્રતીક બનીએ અને આપણી સ્વદેશભક્તિથી સ્વેદશને શક્તિ સંપન્ન કરીને વિશ્વમાં સર્વોપરી બનાવીએ... ભારતમાતા કી જય!